દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩ ૧૬૧ વર્ષ

મંગળવાર ૧૪ મે, ૨૦૨૪

# નવા ચીની રાજદૂતની ડાહી વાતોથી ભારતે બહુ ખુશ થઈ જવા જેવું નથી

પૂર્વ લડાખમાં ચીન સાથે ભારતની લાંબા સમયથી મડાગાંઠ ચાલી રહી છે તેવા સમયે બંને દેશો વચ્ચના રાજદ્વારી સંબંધો પણ તંગ રહ્યા છે. કોરોનાનો રોગચાળો જ્યારે દુનિયાભરમાં ચાલી રહ્યો હતો તેવા સમયે ૨૦૨૦માં લડાખમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે શારિરીક સંઘર્ષનો પણ એક મોટો બનાવ બની ગયો જેમાં મોટી જાનહાની બાદ બંને દેશોના સંબંધો ખૂબ તંગ બન્યા. ત્યારબાદ સમાધાનોના અનેક પ્રયાસો તો થયા, બંને દેશો વચ્ચે રાજદ્વારી અને લશ્કરી મંત્રણાના અનેક રાઉન્ડ યોજાયા તે છતાં કોઇ સ્થાયી ઉકેલ હજી સુધી શોધી શકાયો નથી. આ તંગદીલી વચ્ચે જ ચીનના ભારત ખાતેના રાજદૂતનો કાર્યકાળ પુરો થયો અને તેઓ ગયા ત્યારબાદથી દોઢ વર્ષથી આ જગ્યા ખાલી પડેલી હતી તે ચીને હવે છેક હમણા પુરી છે અને શુ ફેઇહોંગ નામના એક રાજદ્વારીની નિમણૂક ભારત ખાતેના પોતાના રાજદૂત તરીકે કરી છે. આ રાજદૂતે હાલ તો હકારાત્મક સૂર કાઢ્યા છે. ચીન એકબીજાની ચિંતાઓને હાથ ધરવા અને ચોક્કસ મુદ્દાઓ પર પરસ્પરને સ્વીકાર્ય એવો એક ઉકેલ એક વહેલી તારીખે મંત્રણા યોજીને શોધવા માટે તૈયાર છે એમ ભારત ખાતેના બૈજિંગના નવા રાજદૂત શુ ફેઇહોંગે જણાવ્યું છે. આ ટિપ્પણી પૂર્વ લડાખમાં લાંબી લશ્કરી મડાગાંઠના સંજોગો વચ્ચે આવી છે પણ વાસ્તવમાં ચીન કેવું વર્તન કરે છે તે આપણે જાણીએ છીએ.

એક સહાયક મંત્રીની રેન્કના અધિકારી એવા ૬૦ વર્ષીય શુની નિમણૂક ચીનના પ્રમુખ ઝી જિનપિંગ્ દ્વારા ભારત ખાતેના રાજદૂત તરીકે કરાઇ છે. બીજા શબ્દોમાં તેમની નિમણૂક એક સંવેદનશીલ કાર્ય માટે કરવામાં આવી છે. તેમણે નવી દિલ્હી ખાતેની પોતાની નિમણૂકને એક સન્માનીય મિશન અને પવિત્ર ફરજ ગણાવી હતી. હું બંને દેશોના લોકો વચ્ચે સમજણ અને મિત્રતા ઉંડી બનાવવા મારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશ, વિવિધ ક્ષેત્રોમાં આદાન પ્રદાન અને સહકાર વિસ્તૃત બનાવવા અને દ્વિપક્ષી સંબંધોને આગળ વધારવા માટે પ્રયાસ કરીશ એમ શુએ ભારતીય સમાચાર સંસ્થા પીટીઆઇને અને ચીનના સરકાર સંચાલિત સીજીટીએન-ટીવીને પોતાનો નવો હોદ્દો સંભાળવા માટે નવી દિલ્હી જવા રવાના થતા પહેલાના એક મીડિયા વાર્તાલાપમાં જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શુ ફેઇહોંગ આ પહેલા અફઘાનિસ્તાન અને રોમાનિયા ખાતે ચીનના રાજદૂત રહી ચુક્યા છે, આ ઉપરાંત તેઓ ચીનના શાસક પક્ષ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઇના(સીપીસી)માં સિનિયર કેડર લેવલના હોદ્દા પર રહી ચુક્યા છે. ભારતમાં તેઓ સુન વેઇડોંગના અનુગામી બન્યા છે જેમનો કાર્યકાળ ઓકટોબર ૨૦૨૨માં પુરો થઇ ગયો હતો. તેઓ હાલમાં ચીનના નાયબ વિદેશ મંત્રી છે. શુની નિમણૂક ૧૮ મહિનાના અસાધારણ લાંબા સમયગાળા પછી થઇ છે જયારે બંને દેશો વચ્ચે લડાખની લશ્કરી મડાગાંઠ વચ્ચે સંબંધો તંગ ચાલી રહ્યા છે. ભારત ખાતેના આ નવા ચીની રાજદૂતે એમ પણ જણાવ્યું હતું કે ચીની બજાર ભારત સહિત તમામ દેશો માટે ખુલ્લું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે વધુ ભારતીય કંપનીઓ ચીની બજારમાં ધંધો કરી શકે તે માટે સગવડ કરી આપવા માટે ચીન તૈયાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચીન સાથે વેપાર ખાધ એ ભારત માટે મોટી સમસ્યા છે જે ૨૦૨૩માં ૯૯.૨ અબજ ડોલર પર ઉભી હતી જ્યારે બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષી વેપાર ૧૩૬.૨ અબજ ડોલરનો હતો.

ભારત ખાતે નિમાયેલા ચીનના નવા રાજદૂતની વાતો તો ડાહી ડાહી લાગે છે. તેમણે ભારતીય કંપનીઓ માટે ચીનમાં ધંધો કરવા માટે સગવડ કરી આપવાની જે વાત કરવામાં આવી છે તે તો ઘણી જ સારી લાગવાની સાથે આશ્ચર્યજનક પણ લાગે છે. બની શકે કે ચીનનો આમાં કોઇ સ્વાર્થ હોય અને ચીની સરકાર દ્વારા જ તેના રાજદૂત પાસે આ બોલાવડાવવામાં આવ્યું હોય. પરંતુ ચીનનો જરાયે ભરોસો કરી શકાય તેમ નથી. લડાખમાં મડાગાંઠ તો ચાલુ જ છે ,તે ઉપરાંત અરૂણાચલ પ્રદેશમાં ચીનના ઉધામાઓ પણ ઓછા નથી. ભારત જેના પર પોતાનો દાવો કરે છે તે પીઓકેના એક વિસ્તારમાં પણ ચીને હાલમાં માળખાગત બાંધકામ કર્યું હોવાની વિગતો બહાર આવી છે. એટલે ચીની રાજદૂત ગમે તેટલી ડાહી વાતો કરે પરંતુ ભારતે ચીન પ્રત્યે હંમેશા સાવધ રહેવું જરૂરી છે.

## ના કહેતાં શીખ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

ઘરે સોહેલની બર્થ ડે પાર્ટી હતી.શાયનાએ બધી તૈયારી જાતે કરી હતી કારણ કે સોહેલની ઈચ્છા હતી કે ઘરે જ પાર્ટી કરવી છે.જમવાનું પણ વેલકમ ડ્રીંકથી ડેઝર્ટ સુધી બધું જ જાતે બનાવ્યું હતું, કેક પણ અને ડેકોરેશન પણ તેણે અને તેની દીકરી ઝીયાએ જાતે જ કર્યું હતું. સોહેલના બધા મિત્રો અને સ્વજનો આવ્યાં હતાં. લગભગ ૬૦ લોકો પાર્ટીમાં હતાં.ડાન્સ ગેમ્સ ચાલુ હતી. બધા શાયનાનાં વખાણ કરી રહ્યાં હતાં.વેલકમ ડ્રીંક જ યુનિક હતું. લીલી ચા અને ફુદીનામાંથી બનાવ્યું હતું.એક મિત્રે કહ્યું, ‘વાહ, આવી શરૂઆત છે તો આગળ બહુ મજા આવશે.’ એક મિત્રપત્ની બોલી, ‘શાયનાભાભી જેવી બિરયાની તો કોઈની બનતી નથી. ભાભી, બિરયાની બનાવી છે ને..’ શાયનાએ હસીને હા પાડી. એક મિત્રે પૂછ્યું, ‘ભાભી, ડેઝર્ટમાં શું છે?’ શાયનાએ કહ્યું, ‘સરપ્રાઈઝ છે અને એક નહિ ત્રણ ડેઝર્ટ આઈટમ છે.’બધા બોલી ઊઠ્યા, ‘વાહ ..’ સોહેલના ખાસ દોસ્તે કહ્યું, ‘ભાભી, ગાજરનો હલવો બનાવ્યો છે ને.મારો અને સોહેલનો ફેવરીટ છે.’ શાયના બોલી, ‘ના ,ગાજરનો હલવો આજે નથી બનાવ્યો, પણ તમે બીજી વાર આવશો ત્યારે ચોક્કસ બનાવીશ.’ સોહેલ બોલ્યો, ‘બીજી વાર શું કામ? આજે મારો જન્મદિવસ છે અને મારા દોસ્તની ફરમાઇશ છે હમણાં જ બનાવી નાખ.’ શાયના કંઈ બોલી નહિ, પણ સોહેલની સામે જોઈ રહી.પેલા દોસ્તે કહ્યું, ‘અરે ના,ના, કોઈ જરૂર નથી. બીજી કોઈ વાર વાત. પાર્ટી શરૂ થઈ ગઈ છે. હવે ગાજરનો હલવો ભાભી ક્યાં બનાવશે? રહેવા દે.’ સોહેલ બોલ્યો, ‘તને ખબર નથી દોસ્ત તારી ભાભી તો મેજિક જાણે છે. હમણાં ૧૫ મીનીટમાં હલવો બની જશે.’ શાયના ધીમે અવાજે બોલી, ‘લગભગ એક દોઢ કલાક થશે.૧૫ મીનીટમાં હલવો થોડો બને.’ સોહેલ મોટેથી બોલ્યો, ‘અરે ભલે થાય બે કલાક, પણ ગાજરનો હલવો તો મારા દોસ્ત માટે બનાવ જ ...જા હમણાં જ બનાવ.’ દોસ્ત ના પાડતો રહી ગયો. બહાર પાર્ટી ચાલુ હતી.બધાં મજા કરતાં હતાં અને શાયનાએ એક કલાક રસોડામાં મહેનત કરી બધા માટે ગાજરનો હલવો બનાવ્યો.તે થાકી ગઈ.આમ પણ પાર્ટીની તૈયારીમાં થાકી જ હતી.વળી ઉપરથી આવી ચાલુ પાર્ટીએ ફરમાઇશ.તે પાર્ટીની કોઈ મજા ન માણી શકી.શરીર કામ કરી થાક્યું અને મન પણ થાક્યું આવી જોહુકમીથી. બધાએ ગાજરના હલવાના ખૂબ વખાણ કર્યાં, પણ શાયના ખુશ ન હતી.પાર્ટી પૂરી થઈ પછી શાયના એકલી બધું સાફ કરી રહી હતી ત્યારે તેની ચૌદ વર્ષની દીકરી ઝીયા બોલી, ‘મમ્મી ...તું આજે મારી પાસેથી એક વાત શીખ.’ શાયના બોલી, ‘શું?’ ઝીયાએ કહ્યું ,‘ મમ્મી, તું ના પાડતાં શીખ.ભલે પપ્પા કહે કે હું કે કોઇ પણ.તારી ઈચ્છા ન હોય કે તું થાકેલી હોય તો કોઇ પણ કામની ના પાડતાં શીખ.તું બધાને સાચવે જ છે. કોઈ દિવસ કોઈની ફરમાઇશ નહીં પૂરી કરી શકે તો વાંધો નહિ ઇટ્સ ઓ.કે.તેમાં તું ખરાબ નથી થઈ જતી.આજે તેં પાર્ટીની તૈયારીઓ કરી, પણ તું જ પાર્ટી ન માણી શકી. તું મને પ્રોમિસ આપ કે હવે તું ના પાડતાં શીખી જઈશ.’ શાયના પોતાની મોટી થઇ ગયેલી દીકરીને ભેટી પડી.

# આનંદો...સંચાલકો...તમને ત્રણ વર્ષનો પુરવઠો મળે તેની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ છે

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

> સરકારના રૂપિયા સીસ્ટમેટિક રીતે ખાનગી સંચાલકોના ખિસ્સામાં જાય તે વ્યવસ્થામાં વિદ્યાર્થી અને વાલી તો માધ્યમ માત્ર છે. માટે ખરેખર તો હવે ગુજરાતમાં વાલીઓએ જાગૃત થવાની જરૂર છે. જો જરૂર ના હોય તો બાળકને બારમા ધોરણ પછી જનરલ એજ્યુકેશનમાં ભણાવવાને બદલે કાઈ રોજગારલક્ષી કૌશલ્યલક્ષી કોર્સમાં ભણાવજો

ગુજરાતમાં શિક્ષકોએ હડતાલ પાડી તે પછી આ વર્ષે સ્કૂલ પરીક્ષા બોર્ડ દ્વારા રેકોર્ડ બ્રેક પરિણામ આપવામાં આવ્યાં છે. જાહેર પરીક્ષાઓ માટે સતત યુપી બિહારની ટીકા કરનારા સૌ ગુજરાતીઓએ ગુજરાતના શિક્ષણની ચિંતા કરવા જેવી છે. દસમાનું ૮૨ ટકા, બારમા સામાન્ય પ્રવાહનું ૯૦ ટકાથી વધુ અને સાયન્સનું ૮૨ ટકાથી વધુ પરિણામ અનેક ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. આ ઊંચાં પરિણામો માટે ચિંતા એટલે છે કે અગાઉ ૨૦૨૦ થી ૨૦૨૨ દરમિયાન કોરોનાના કારણે શિક્ષણ લગભગ આડા પાટે ચડી ગયું હતું. આપણે ઓનલાઈન શિક્ષણથી આશ્વાસન મેળવ્યું હતું . સાચી ચિંતા એ હતી કે આઠમા-નવમામાં ભણતાં બાળકો બોર્ડની પરીક્ષામાં આવશે તો શું થશે? વળી દસમા બોર્ડમાં લગભગ માસ પ્રમોશન પામેલાં વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા આપશે તો શું થશે? પણ જે દેશ કે રાજ્યમાં વેપારીઓ જાગૃત હોય ત્યાં પ્રજા ભલે સરખી રીતે જીવી ના શકે, પણ વેપારીઓ તેને મારવા પણ ના દે તે નક્કી.

જ્યાં પ્રજા નેતાઓ પાછળ આંધળો વિશ્વાસ મૂકતી હોય, નેતાઓ અધિકારીઓના ભરોસે શાસન ચલાવતા હોય અને અધિકારીઓ વેપારીઓ સાથે મળેલા હોય ત્યાં પ્રજા સીસ્ટેમેટીક્લ લુંટાયા કરે.

ગુજરાતના ઉચ્ચ મધ્યમ વર્ગમાં બાળકોની સંખ્યા સતત ઘટતી જાય છે. શહેરી કુટુંબોમાં હવે એક કે બે જ બાળકો હોય છે એટલે પ્રાથમિકમાં પ્રવેશ મેળવતાં બાળકોની સંખ્યા ઘટતી જાય છે. આગળ જતાં દસમા અને બારમામાં બેસતાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા પણ વર્ષ દર વર્ષ ઘટી જ જવાની છે. ખાનગીકરણના પવન પછી ગુજરાતમાં ખાનગી સ્કૂલ કોલેજોનો રાફડો ફાટ્યો. એન્જિનિયરીંગ,ફાર્મસી, સાયન્સ વગેરેમાં બોર્ડની પરીક્ષામાં બેસતાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં વધી જાય એટલી બેઠકો વધી ગઈ. શરૂઆતમાં પ્રવેશ માટે પડાપડી થઈ. ડોનેશનો લેવાયાં. પણ પાઘડીનો વળ છેડે...કોલેજો વધતી ગઈ, વિદ્યાર્થીઓ ઘટતાં ગયાં. એમાંય ગયાં વર્ષોમાં થોડાં નીચાં પરિણામો આવ્યાં અને બેઠકો ખાલી રહી તેમાં શિક્ષણના બજારમાં ફાળ પડી. હાય હાય....આ તો નુકસાન!

આપણે ત્યાં શિક્ષણ સંસ્થાઓમાં રાજકારણીઓ અને અધિકારીઓ,વેપારીઓ પાછલા બારણે જોડાયેલા છે. માટે પરીક્ષા પદ્ધતિ સરળ કરો, પ્રશ્નપત્ર સરળ કરો ની ફોર્મ્યુલા આવી. અધૂરામાં પૂરું પેપર તપાસતી વખતે વિદ્યાર્થીના જવાબમાં “હાર્દ”- જુવો ની સૂચના આવી. આ સૂચનાનું ખરેખર હાર્દ આજે પરિણામ સ્વરૂપે આપણી સામે છે. ગુજરાતમાં હવે સ્કૂલો અને કોલેજોની અછત નહીં પડે! “સબકા સાથ સબકા વિકાસ,” જેણે પરીક્ષા આપી તે તમામ પાસ.” ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર જો ગુજરાતના ઉજજવળ ભવિષ્ય માટે સહેજ પણ ચિંતિત હોય તો તેણે તાત્કાલિક ધોરણે આ ઊંચાં પરિણામો માટે બેઠક બોલાવવી જોઈએ. પરીક્ષા બોર્ડની વિશ્વસનીયતા માટે ચિંતા કરવી જોઈએ. દર વખતે નીચા પરિણામ માટે ચિંતા થાય છે, પણ ખરેખર તો ઊંચાં પરિણામ માટે ચિંતા કરવાની જરૂર છે. પણ આવું નહિ થાય કારણ કે ગુજરાતમાં તો હવે ખાનગી સ્કૂલ કોલેજોમાં પ્રવેશ માટે રૂપિયા આપવાની યોજના પણ અગાઉથી જ ઘડી નાખવામાં આવી છે.

સરકારના રૂપિયા સીસ્ટમેટિક રીતે ખાનગી સંચાલકોના ખિસ્સામાં જાય તે વ્યવસ્થામાં વિદ્યાર્થી અને વાલી તો માધ્યમ માત્ર છે. માટે ખરેખર તો હવે ગુજરાતમાં વાલીઓએ જાગૃત થવાની જરૂર છે. જો જરૂર ના હોય તો બાળકને બારમા ધોરણ પછી જનરલ એજ્યુકેશનમાં ભણાવવાને બદલે કાઈ રોજગારલક્ષી કૌશલ્યલક્ષી કોર્સમાં ભણાવજો. શિક્ષણના આ બજારમાં તમને નપાસ કોઈ નહિ કરે, ફી ભરો અને આગળ વધો ના વિષચક્રમાં ફસાતાં પહેલાં વિચારજો.બોર્ડનાં ઊંચાં પરિણામો શિક્ષણના નીચા ધોરણનું પરિણામ છે.

‘ધૂમકેતુ’ લખી ગયા છે, પડે છે ત્યારે સઘળું પડે છે. જ્યોતીન્દ્ર દવેએ હળવી શૈલીમાં લખ્યું હતું કે દાળ બગડે તેનો દિવસ બગડે ,અથાણું બગડે તેનું વરસ બગડે પણ શિક્ષણ બગડે તેનું જીવન બગડે!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# જિંદગી એક સફર હૈ સુહાના...!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

હવામાન ગમે એટલું રોચક હોય, પણ મદાર પાચનતંત્ર ઉપર છે. મગજમાંથી જ લાવા નીકળતો હોય તો, વાસંતી હવા પણ લ્હાય જેવી લાગે. વાંદરું મગજને control કરી શકતું નથી એમ, આપણા મગજના આપણે જ Controller..! માથે બરફની હેલ્મેટ ચઢાવી હોય તો પણ, ક્યારેક એવો ચક્રાવાત કરી નાંખે કે, ‘તેલ લેવા જાય જિંદગી ’ કહીને છેડો પણ ફાડી નાંખે..! એક વાર છટકે એટલે ખલ્લાસ..! એમાં એવું છે ને કે, વાંદરી જો વાંદરાને ગલીપચી કરે તો, No problem, બાકી આપણે જો છેડખાની કરવા જઈએ, તો થાપટ કોને કહેવાય એ વાંદરું શીખવી જાય..! બધા જ જાણીએ છીએ કે, માણસ વાંદરામાંથી ઊતરી આવેલી પ્રજાતિ છે. આટલાં વર્ષોનો ખાત્મો બોલાવ્યા પછી, આજે માણસ પાસે ભલે સ્ટોકમાં પૂંછડું બચ્યું ના હોય, તો પણ, ઘણાના ચાળા ને ચેનચાળામાં વાંદરાવાળી ડીઝાઈન જોવા મળે..! કારણ કે, માણસ એ વાંદરમાંથી ઊતરી આવેલી ઔલાદ છે..!

અફલાતુન જિંદગી જીવવાનો સંકલ્પ માણસ કરે તો ખરો, પણ ગાડું ગઢેરમાંથી ક્યારે બહાર નીકળી જાય એનો ભરોસો નહિ. મગજનું ભૂત ધૂણવા લાગ્યું તો ખલ્લાસ, હાસ્ય લેખ હોરર પણ બની જાય. પેટછૂટી વાત કરું તો, આજે મને જ્યોતીન્દ્ર દવે સાહેબ ઉપર લેખ લખવાની ખુજલી ઉપડેલી, પણ એના કપાળમાં કાંદા ફોડું, વિચાર જ્હોની વોકરના આવવા માંડ્યા અને ચઢી ગયો જિંદગીના રવાડે..! જિંદગી ઉપર લખવા માટે બે-ચાર જિંદગી જોઈએ એવો ડર તો લાગ્યો, પણ હિંમતે મર્દા, તો મદદે મંગલ મસ્તી..! કોઈ શાયરની પંક્તિ પડખે આવી કે,

***‘જિંદગી જીનેકી ચીજ હૈ, હમે જીના નહિ આતા,***
***નશા તો હર ચીજમેં હૈ હમે પીના નહિ આતા..!’***

જન્મે ત્યારથી જિંદગી પીછો છોડતી નથી. ધૂળમાં ગુલાંટિયું ખાતો ત્યારથી વિચારતો આવ્યો છું કે, બેનમૂન જિંદગી જીવીને બંદાએ નામના બનાવવી છે. થાય એવું કે, ગાંધી બનવાનું વિચારું તો ગોડસેનો ફણગો ફૂટે, ને ઓબામા બનવાનું વિચારું તો, ઓસામા બિન લાદેન ઊભો થાય..! કંઈ કેટલા કલાકાર, કથાકાર, લેખકો ને નિબંધકારોના પડછાયામાં હું ચાલ્યો, પણ મદ્રાસી શીખવા ટ્યુશન રાખ્યું હોય, ને તે આપણું ગુજરાતી શીખી જાય પણ બંદો મદ્રાસીમાં અલ્લાયો રહે એવું થયું. પોતાની જ જિંદગી Rosy.. Rosy ને બદલે, ફાટેલા ધંતુરા જેવી હોય, તો જોર પણ કેટલું કાઢે..? ફિલોસોફીનું વધારે ફીણ કાઢીને મારે તમને હાસ-પરિહાસના ખાડામાં નાંખવા નથી. પણ આ તો એક અનુમાન કે, જિંદગી વિષે લોકોએ એટલાં પીપૂડાં વગાડ્યાં કે..? તમામ લખાણ જો પૃથ્વીના પટ ઉપર પાથરવામાં આવે તો, આખી પૃથ્વી ઢંકાઈ જાય! ઘરની છત પણ જિંદગી વિશેના ચોપડાથી ઢંકાઈ જાય! સલાહ-સૂચનોના કોરડા તો બહુ ખાધા, પણ કાદવ ઉપર લીંપણ! રેતીની માફક હાથમાંથી જિંદગી ક્યારે સરી જાય, એની જીવનારને જ ખબર નહિ પડે. સીધી વાત છે કે, ‘કેટલું ખાઓ એ મહત્ત્વનું નથી, પણ કેટલું પચે એ મહત્ત્વનું છે, એમ કેટલું જીવ્યો એ મહત્ત્વનું નથી, પણ કેટલું વિતાડી ગયો એ મહત્ત્વનું!’ સારું જીવ્યો તો લોકહૃદયમાં વસી જાય, નહિ તો સુખડનો એક હાર લપટાવ્યો ને ઓમ શાંતિ બોલ્યા, એટલે વાર્તા પૂરી! કાંઠે પહોંચ્યા પછી પાકા ઘડે કાંઠા થોડા ચઢે? કાંઠો પણ ભાંગે, ને માટલું પણ! હાથમાં બંને નહિ આવે! તંઈઈઈઈઈ..?

***જો લમ્હા સાથ હૈ ઉસે જી ભર કે જી લો***
***યે કમબખ્ત જિંદગી ભરોસેકે કાબિલ નહિ હૈ***

જિંદગી એ જિંદગી છે બોસ! છંછેડો તો નાગણ ને પંપાળો તો પોપટ જેવી. પૃથ્વી ઉપર મફતના ભાવે વિઝા વગર આવી તો જવાય, પણ જિંદગી બનાવવા માટે તો ઝઝૂમવું પડે. જેની જેવી સારંગી વાગે તેવી જિંદગી બને. જિંદગીનો બહુ ભરોસો નહિ કરાય, સામા વહેણે તરવું પણ પડે! ઉનાળાનું અનાજ નથી કે, દાણા બજારમાંથી દશ-બાર બાચકા ખરીદી લાવીએ એટલે ખટખટ પૂરી થઈ જાય. જિંદગીના બાચકા તો આંચકા ખાતાં ખાતાં જાતે જ ભરવાના આવે! જિંદગી એ કોઈ રેડીમેઈડ ફુડ નથી કે, સુપર માર્કેટનો આંટો લીધો કે, હાથમાં આવી જાય. જાતે ઘડવી પડે. જિંદગી પણ કુલ્ફી જેવી છે. ટેસ્ટી પણ ખરી, ને ‘બેસ્ટી’ પણ..! ટેસ્ટ કરીએ તો પણ પીગળે, ને ‘વેસ્ટ’ કરીએ તો પણ પીગળે..! પીગળવું એની ખાસિયત છે. ‘જિંદગી બનાવવા જાવ ત્યારે ખબર પડે કે, કીડીએ રક્તદાન કરવા જેટલું અઘરું છે સાલું! મધમાખીએ બાંધેલા મધ જેવી જિંદગી પામવી હોય તો, પ્રેમ, દોસ્તી, લાગણી, સાથ, સહકાર અને હાસ્યનું મોરવણ જોઈએ. જીવનમાં હાસ્યની આવશ્યકતા નવોઢાની માંગના સિંદુર જેવી છે. આજે સૌની દોડ પૈસા પાછળ છે, હસવા પાછળ નથી. ઢગલાબંધ શ્વાસો ખર્ચીને એ હસવાનું ભૂલવા માંડ્યો. ભૌતિક સુખ માટે શ્વાસ સિવાય બ ધું જ ખર્ચી રહ્યો છે`. પેટમાં બળતરા ઊભી કરે એવા ચટાકેદાર અને તમતમતા ભોજન વિના માણસને હવે તૃપ્તિ થતી નથી. રેડીમેડ કપડાંથી વૉર્ડરોબ ભરેલો છે, તોયે કપડાથી સંતોષ નથી. જ્યાં જન્મ્યો ને મોટો થયો, એ મકાન ‘વોશરૂમ’ જેવું હવે નાનું લાગે છે. મસમોટા બંગલા અને ફાર્મહાઉસની એને તમન્ના છે. ખ્વાઈશ ઊંચી જ હોવી જોઈએ, પણ માત્ર સ્માર્ટ ફોન રાખવાથી, સ્માર્ટ થવાતું નથી. જિંદગી બનાવવી હોય તો, પરસેવા અને પર-સેવામાં પલળવું પણ પડે. જીવનમાં હૂંફ-સહયોગ-પ્રેમ-સદ્ભાવ અને લાગણીના આવરણ જોઈએ. તો જિંદગી ગ્રીન સમોસા જેવી ટેસ્ટી બને!

એક વડીલ દર્દીએ તો પોતાની પત્નીને હોસ્પીટલમાં સાથે રાખવા ડોક્ટરને આજીજી કરી. ડોકટરે કહ્યું, ‘ અમે દર્દી સાથે કોઈને રાખતા નથી. તમારું સંપૂર્ણ ધ્યાન અમે જ રાખીશું. ચિંતા કરવાની જરૂર નથી. તોયે વડીલે કહ્યું, ‘વાત ચિંતાની નથી સાહેબ, બીમારીની પણ નથી, વાત સંગાથની છે. હૂંફની લાગણી અને સંવેદનાની છે. હું જલદી સાજો થાઉં એવું જો તમે ઈચ્છતા હો તો મારી પત્નીનો સંગાથ પણ મારી સારવારનો એક ભાગ છે. તમે મારી વાઈફને મારી પાસે રહેવા દો. વાત કરવાવાળું ને સાંભળવાવાળું કોઈ હોય તો, દર્દ હળવું બનશે સાહેબ!’

જીવન અને જિંદગી વચ્ચે જિરાફ અને ઝરખ જેટલો ડીફરન્સ છે. જીવન એક એવું પુસ્તક છે, કે જેના પહેલા પાના ઉપર જનમની તારીખ સાથે ભગવાનની સહી છે, જ્યારે છેલ્લા પાનાં ઉપર સહી છે પણ ક્યારે ઉંચકાવાનું છે, એની તારીખ નથી. વચ્ચેનાં બધાં જ પાનાં કોરાં છે, જેવાં કર્મો કરે એ પ્રમાણે એ પાનાં ભરાય! એનું નામ જિંદગી! ગાંધી બનવું કે, ગોડસે, કંસ બનવું કે કૃષ્ણ, ઓબામા બનવું કે, ઓસામા બિન લાદેન, એનો આધાર કર્મો ઉપર છે. કર્મોના ઉપાડ ઉપર જિંદગીનું બંધારણ ઘડાતું જાય. બાકી, ઈચ્છાઓ પાસે ક્યાં લગામ હોય છે? વિચારો પાસે ક્યાં ચોક્કસ દિશાનું જ્ઞાન હોય છે? પવનના જેવા ઝપાટા આવે એમ જિંદગીનો નકશો ઘડાતો જાય! દરેક પાસે પોતાની એક જિંદગી છે. જિંદગી દેખાતી નથી, પણ દેખાડી ઘણું બધું જાય! ન સંભળાતું હોય તો, કાનમાં મશીન મૂકી શકાય, પણ હસવા માટે હોઠને તસ્દી તો પોતે જ આપવી પડે. ખરાબ સમયમાં પણ હસતા રહેવું, હસવાથી સમય થંભી જતો નથી. હાસ્યમાં એવી જડીબુટ્ટી છે કે, માનસિક તણાવના કારણે થતા ગંભીર રોગોમાં હાસ્ય સંજીવની બની શકે. ત્રસ્ત-વ્યસ્ત-ભ્રષ્ટના માહોલમાં જિંદગી નષ્ટ થઈ જાય તે પહેલાં, જિંદગીને મસ્ત બનાવવાનું બ્રહ્માસ્ત્ર હોય તો એ હાસ્ય છે.

### લાસ્ટ બોલ

ચમનિયો મને કહે, ‘રમેશિયા!
કાળા માથાનો માનવી ધારે તે
કરી શકે, એ ભ્રમ છે.
તને કેમ એવું લાગ્યું?
એટલા માટે કે, એ હાથીને
ખોળામાં બેસાડી શકતો
નથી. જીરાફના ગળે વળગી
શકતો નથી. કીડીને ઝાંઝર
પહેરાવી શકતો નથી. મચ્છરને
માલિશ કરી શકતો નથી અને
નેતાઓને બોલતાં અટકાવી
શકતો નથી!
તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

## માનવી પોતાને મહાન માની લે ત્યારે

વિશ્વમાં દરેક માનવી પોતે મહાન બને તેવી ઈચ્છા રાખતા હોય છે તે ખોટું નથી પરંતુ મહાનતા પચાવવી ઘણી જ કઠિન છે. કોઈ પણ ક્ષેત્ર તે પછી આર્થિક, સામાજિક, વહીવટી કે રાજકીય હોઈ માનવી સફળતાની ટોચે પહોંચી જાય, પછી જેમ ઊંચેથી નીચે જોવામાં માથું નીચે નમાવવું પડે છે તે રીતે મહાન બન્યા પછી વ્યક્તિ માથું નીચે નમાવવાની કૌશલતા પ્રાપ્ત કરી લે તો? અપવાદ હોય છે પણ જૂજ કિસ્સામાં. એવું માની લેવાની જરૂર નથી કે દરેક કિસ્સામાં જ નમી જવું, જ્યાં પોતાને અન્યાય થતો હોય કે ગરીબ, વંચિતો, અન્ય કમજોર માનવીને વિના કારણ હદ ઉપરાંત હેરાન કરતા ધ્યાને આવે તો કાયદેસર રીતે ન્યાય અપાવવા મસ્તક ઊંચું રાખીને આગળ આવવું જોઈએ. ફિલ્મ હીરો રાજેશ ખન્નાની ફિલ્મ હાથી મેરે સાથી ના ગીતની કદી યાદ આવે કે “સુખ કે સબ સાથી દુઃખ મેં ન કોઈ”માનવી જ્યારે સફળતા પ્રાપ્ત કરે તે સમયે બીજા કોઈ પોતાની પીઠ થાબડવા આવશે તેની રાહ જોવા કરતાં જાતે જ પીઠ...? અને દુઃખ આવી પડે ત્યારે કોઈ આશ્વાસન આપવા આવશે તેના કરતાં જાતે જ દુઃખને સહન કરી લેવું. કેમ કે જીવનમાં સુખ અને દુઃખ એકબીજા સાથે જોડાયેલાં છે. જો દુઃખ ન હોત તો માણસ સુખનો આનંદ માણી નથી શકતો. સુખના સમયમાં પોતે અનુભવેલ દુઃખને યાદ કરી કોઈ જરૂરિયાતમંદ દુઃખીઓને મદદનો ધોધ વ્હાવે તો તેના જેવી મહાનતા બીજી કોઈ નથી એમ કહીએ તો ખોટું નથી.

સુરત - ચંદ્રકાંત રાણા

## તો ‘શોટાઈમ’નો ઈંતેઝાર રહેશે

વરસો જૂના કલાકાર શેખ મુખત્યાર વિષેનો લેખ ગમ્યો. આ જ રીતે લેખો આવતા રહેશે તો અમારા જેવા વાચકોની શો ટાઈમ પૂર્તિનો ઈન્તેઝાર રહેશે. સિનેમા મેકર્સ વિભાગમાં મૂળ સુરતના જૂના કલાકારોના દિયા વિષેનો લેખ ગમ્યો. હૃદયને ગાતાં વિભાગનાં ગીતો તો ખૂબ જ સુંદર રીતે આલેખાય જ છે.

સુરત - કે.કે. જરીવાલા

## ગુજરાત રાજ્ય માર્ગ પરિવહનની બસોના ડ્રાઈવરોનું દબંગ ડ્રાઈવિંગ-સ્વાસ્થ્ય સાથે ચેડાં કરે છે

લાંબા સમયથી GSRTCની બસોમાં સતત ડ્રાઈવરોની ગતિવિધિનો એક મુસાફર તરીકે અનુભવ કર્યા બાદ આ મુદ્દને ઉખેડયો છે. અમુક બસો સાવ ખખડેલી હોય છે. છતાં સારો ડ્રાઈવર મુસાફરોને એકપણ આંચકાનો અનુભવ કરાવ્યા વિના સોફટલી બસ ડ્રાઈવ કરે છે. જયારે અમુક નહીં મોટા ભાગના ડ્રાઈવરો સારી અને વ્યવસ્થિત બસોને પણ દબંગ રીતે ડ્રાઈવ કરી પાછલી સીટ પર બેસેલા મુસાફરો ખાસ કરીને બિમાર વૃદ્ધ, વગેરેને ફૂટબોલની જે ઊછાળી છત સાથે માથું ટકરાય એટલી ખરાબ રીતે, એમની મસ્તીમાં બસ ડ્રાઈવ કરે છે. મણકા તથા ચેતાતંત્રને નુકશાન થવાની હદે આવું જોખમી ડ્રાઈવ સહન કરવાની બસમુસાફરની મજબુરી જ બની જાય છે. જાગૃત પેસેન્જર અવાજ ઊઠાવે તો અને તેય કોઈ ફિક્સ બસનો નિયમિત પેસેન્જર હોય તો તેને યેનકેન પ્રકારે માનસિક ત્રાસ આપી, અન્યપેસેન્જરો દ્વારા બખેડો ઊભો કરાવી બદનામ કરવાનો પ્રયાસ થાય છે. ડેપો મેનેજર કે DC સાહેબ સુધી ફરિયાદ જાય છે. છતાં આવા દબંગોની કાર્યપદ્ધતિ સામે ઠોસ પગલાં લેવાતાં નથી. જગ્યાના અભાવે છેલ્લે ચડનારા મુસાફરોએ પાછલી સીટો પર બેસવું જ પડે યા ઊભા રહેવું પડે છે, એટલે શું એમના સ્વાસ્થ્ય સાથેના ચેડાં બાબતે GSRTCના ડ્રાઈવરો જવાબદાર નથી? બસમાં ખામી હોય તો બસ રીપેર કરાવવી અને ડ્રાઈવરોની ટ્રેનિંગ જ કાચી હોય તો એમને દંડ સહિત ટ્રેનિંગ માટે પાછા મોકલવા પેસેન્જરોની ફરિયાદને ગંભીરતાથીલેવાવી જોઈએ. મગજના તારો ઝણઝણી ઊઠે એટલી હદે મણકાના ચૂરેચૂરા કરાવે તેવો ઉછાળ જે પેસેન્જરો મજબુરીએ, વેઠે છે એમનાં જ મન જાણે છે. બસની ખરાબી, રસ્તાની ખરાબી એ ગૌણ કારણો છે.અસલ કારણ ડ્રાઈવરની ડ્રાઈવિંગ કચાશ કે બેદરકારી ભર્યું ડ્રાઈવ જ જવાબદાર હોય છે. અવાજ ઊઠાવનાર પેસેન્જરોને બદનામ કરવા આવા દબંગ ડ્રાઈવરો બસની સ્પીડ બાબાગાડી જેટલી ધીરી કરે છે. જેથી નોકરી અર્થો સમયસર જનારા અકળાય છે. આમ ગેરવ્યાજબી રીતે બખેડા કરાવી ડ્રાઈવરો પોતાની મનમાની કરીને જ જંપે છે. રેલ્વેના સ્ટાફ સામે કૂદી આવી ફરિયાદ સાંભળી નથી. GSRTCના સ્ટાફને જ કેમ લોકો ભાંડે છે? જવાબદાર અધિકારીઓ ઘટતાં પગલાં લ્યે.

નવસારી- સાજીદા મોહમંદ છીપકાવાલા

## શું દુઃખિયા જન પ્રત્યે સંવેદના મરી રહી છે?

આપણે મંદિરે ભગવાનનાં દર્શન કરવા જઇએ ત્યારે મંદિરમાં મોટી રકમ પ્રભુનાં ચરણોમાં મૂકીએ છીએ, જ્યારે મંદિર બહાર બેઠેલાં ભિખારીને રૂપિયો પણ આપતા નથી. ભંગાર લેનાર માણસ પોતાની પત્ની સાથે ધગધગતા તાપમાં ભંગાર લેવા આવે ત્યારે પોતાના નાના બાળકને લારી નીચે ઝોળી બાંધી સુવડાવી ફરતા હોય છે ત્યારે પ્લાસ્ટિકના પાંચ લીટરિયા તેલના ડબ્બાના પાંચ રૂપિયા લેતા ખંચકાતા નથી. તેના નાના છોકરા માટે જતા કરતા નથી. તે જ પ્રમાણે ઘરે ઘરે શાકભાજી વેચવા આવતા ફેરિયા સાથે ભાવમાં રકઝક કરી ખરીદીએ છીએ જ્યારે મોટી હોટલમાં જમ્યા બાદ 20 થી 80 રૂપિયા ટીપ આપવામાં મહાનતા સમજે છે. ક્યારેક જન્મદિન પ્રસંગે ગરીબ વસાહત જઈ 10 રૂપિયાની દૂધની કોથળી અથવા પાંચ રૂપિયાવાળા બીસ્કુટના પડીકા લઈ નાના ભૂલકા સાથે બેસી દૂધ પીવડાવી અથવા બીસ્કુટ ખવડાવીએ ત્યારે તેના ચહેરાની મુશ્કાન, દોડતું દોડતું મા પાસે જઈ ‘દાદાએ કાકાએ આઈલુ બોલશે. આ છે સંવેદના. મોટાં મોટાં મંદિરો બનાવાય છે, સોનાથી મઢાય છે! માનવમહેરામણ ઉભરાય છે. જ્યારે વાસ્તવિક વેદના પ્રાપ્ત અહેવાલ મુજબ-ગુજરાતમાં જ 2018ના વર્ષે 1.18 કુપોષિત બાળકો હતાં જે 2023માં વધીને 5.70 લાખ થયાં છે. આ જોતાં વેદના વધી રહી છે. સંવેદના મરી પરવારી છે.

અમરોલી - બળવંત ટેલર

## છેવટ આયુર્વેદની જ થશે

આયુર્વેદની ભારતના ચાર વેદોમાંના એક તરીકે ગણતરી થાય છે. આયુર્વેદ એટલે જીવનલક્ષી રોગો મટાડવાની દવા. આયુર્વેદમાં મોટે ભાગે વનસ્પતિ અને કંદમૂળનો વપરાશ હોય છે. ભારતમાં તો લગભગ દરેક જિલ્લામાં આયુર્વેદ કોલેજ હોય છે. વીસમી સદી સામાન્ય વ્યક્તિ આયુર્વેદ અને હોમિયોપેથિક દવાઓ તરફ વળ્યો છે. કારણ અંગ્રેજી દવા જેને એલોપથિક નામ આપવામાં આવ્યું છે. તેમાં કેમિકલના વપરાશથી આડ અસરો ખૂબ થાય છે.એક રોગ મટે તો બીજા રોગનું મૂળિયું શરીરમાં વાવતો જાય છે. સુરતમાં પણ બે વિદ્વાન વૈદો થઈ ગયા અને શ્રી બાપાલાલ જેમના નામની કોલેજ ચાલે છે અને બીજા એ કોલેજના આચાર્ય તરીકે નિમાયેલા જેને બધા ગુરુજીના સંબોધનથી નવાજતા હતા. ભારતભરમાં જોઈએ તો બાબા રામદેવે યોગ અને આયુર્વેદનો ખૂબ પ્રચાર કર્યો. યોગ ભગાવે રોગ ના સિદ્ધાંત પર એમણે યોગ પ્રથમ રાખી આયુર્વેદનો પ્રચાર કર્યો. એમને સહયોગી પણ વિદ્વાન આયુર્વેદ મળી ગયા જેને વનસ્પતિ અને કંદમૂળનું જ્ઞાન સારું છે. અને આજે બાબા રામદેવ સાથે પતંજલિ નામની સંસ્થા ચલાવે છે. પતંજલિ ઋષિ ભારતમાં મોટા આયુર્વેદિક જ્ઞાન ધરાવતા ઋષિ થઈ ગયા અને હાલમાં એલોપથી સંસ્થા ઈન્ડીયન મેડિકલ એસોસીએશને પૂર્વગ્રહથી બાબા રામદેવ પર દવાની જાહેરાતો માટે કેસ કર્યો. એમાં જીત બાબા રામદેવની પતંજલિ સંસ્થાની જ થવાની છે. કારણ આયુર્વેદિક દવાઓ ભારતની મૂળભૂત દવાઓ વર્ષોથી ચાલી આવે છે. પરંતુ ખોટી ઈર્ષ્યાના કારણે આજે બાબા રામદેવ પતંજલિ સંસ્થા તરફથી કેસમાં સપડાયેલા છે. બધાં જાણે છે જીત બાબા રામદેવની જ થવાની છે, આયુર્વેદની જ થવાની છે.

સુરત - ડૉ. કે. ટી. સોની